જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૦/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૯૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૧૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૨,૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૯૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૯૯/૨૦૨૬**

દાણીલીમડાઃ નાવેદ સ/ઓ ઝાહીદબેગ ચુગતાલ (ઉ.વ.૬૬) (રહે. બ્લોક–બી ઝારા રેસીડેન્સી દાણીલીમડા) એ તા.૨૩/૧૦/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૯૮૬૪૬૪૮૧૪૪ ના ધારકે નાવેદ ચુગતાલ નાઓને ફોન કરી આઈસીઆઈસીઆઈ બેંકના કર્મચારી વાત કરતા હોવાની ઓળખ આપી કહેલ કે "તમે સીનીયર સીટીઝન ક્રેડીટ કાર્ડ લેવા માંગો છો? તો હુ તમને તમારા વોટ્સએપ ઉપર એક ફોર્મ મોકલુ છુ. જેમા તમે વિગત ભરી દો" તેમ કહી નાવેદ ચુગતાલ નાઓને વોટસએપ ઉપર અજાણ્યા મોબાઈલ નંબર ૯૨૮૨૯૩૪૭૨૧ ના ધારકે ICICI Pension' Card Download Form.apk તથા Customer support.2.apk ફાઈલ મોકલી આપતા નાવેદ ચુગતાલ નાઓએ બંને ફાઈલો ખોલતા તેમના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી નાવેદ ચુગતાલના ક્રેડીટકાર્ડ માંથી કુલ રૂપિયા ૧૦૩૦૦૦/– તેમજ બેંક ખાતામાંથી રૂપિયા ૨,૩૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૩૮,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ નાવેદ ચુગતાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.ટી.દેસાઈ ચલાવે છે.

નારોલઃ ઈસનપુર વટવા રોડ પ્રેરણા ટેનામેન્ટ ખાતે રહેતા ડૉશ્રીએ તા.૨૩/૧૦/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૬૪૬૦૭૧૫૧૧ ના ધારકે ફોન કરી અદાણી ગેસના બીલના ઓનલાઈન પેમેન્ટ બાબતે વાતચીત કરી અદાણી ગેસના બીલના ઓનલાઈન પેમેન્ટની પ્રોસેસ કરાવી ડૉશ્રીના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા ૪,૫૧,૬૧૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

ક્રાઇમબ્રાંચઃ બિપીન સ/ઓ મફતલાલ વ્યાસ (ઉ.વ.૬૫)(રહે."બી" વિંગ પ્રતાપ હેરીટેજ એલ.ટી.રોડ વિરસાવરકર ગાર્ડન પાસે બોરીવલી વેસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર) એ તા.૨૩/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સપ્ટેબર/૨૦૧૫ થી તા.૦૯/૦૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા મીઠાખળી છ રસ્તા, સંપદા બિલ્ડીંગ ખાતે આરોપી વરુણ વીજય ગુપ્તા (પ્લોટ નં–૮૬, ૯૦, ૯૧, સરદાર પટેલ રીંગ રોડ હાથીજણ સર્કલ પાસે હાથીજણ ખાતે આવેલ STEEL KONNECT (INDIA) PVT.LTD ના માલીક) એ પોતાના ઓળખીતા સાહેદ મુકેશભાઇ અરવીંદભાઇ પટેલની ફર્મ "છપાયા ટ્રેડીંગ" તથા રાજીવ ગોવિંદરામ અગ્રવાલની કંપની "કેર ક્રોપેક લિ." ના "સી" ફોર્મ મોકલી આપતા, "છપાયા ટ્રેડીંગ કુ." ને કુલ રૂપિયા ૧,૬૯,૦૫,૫૧૫/– તથા "કેર ક્રોપેક લિ." ને કુલ રૂપિયા ૨,૦૨,૯૫,૬૬૩/– નો સ્ટીલની પ્લેટનો માલ બિપીન વ્યાસએ મોકલી આપેલ હોવા છતા આજદીન સુધી તે પેટે કોઇ રૂપિયા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૦/૨૦૨૬**

વટવાઃ જયશ્રીબહેન વા/ઓ દિપકભાઈ વૈષ્ણવ (ઉ.વ.૬૨) (રહે. વ્રજ વાટીકા અયોધ્યા એપાર્ટમેન્ટની બાજુમાં ન્યુ વટવા) તા.૨૨/૧૦/૨૦૨૬ રાતના ૦૯/૩૦ વાગ્યાના સુમારે અયોધ્યા એપાર્ટમેન્ટ સોસાયટી બહાર બાકડાં ઉપર બેઠા હતા દરમ્યાન તેમની બાજુમાં બેસેલ એક પુરૂષ જયશ્રીબહેન વૈષ્ણવની નજર ચુકવી તેમના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૫,૦૦૦/– ખેંચી તોડી લઈ અન્ય એક પુરૂષના મોટર સાયકલ ઉપર બેસી બન્ને પુરૂષ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન વૈષ્ણવ એ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૧/૨૦૨૬**

દરીયાપુરઃ વિનોદકુમાર માણેકલાલ કંસારા (ઉ.વ.૬૦) (રહે. સાગર બંગ્લોજ ગુલાબ ટાવર રોડ થલતેજ) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૬ બપોરના ૦૩/૧૫ વાગ્યાના સુમારે કાલુપુર ચોખા બજાર હનુમાનજી મંદીર નજીક એ.એમ.ટી.એસ. બસ સ્ટોપ ખાતે અજાણી વ્યકિતએ વિનોદકુમાર કંસારા નાઓની નજર ચુકવી તેમની પાસેની થેલી કાપી થેલીમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

ત્યજી દીધેલ મૃત હાલતમાં ભૃણ મળી આવ્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૨/૨૦૨૬**

વટવાઃ તા.૨૩/૧૦/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા પહેલા વટવા કાશીબા હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ડસ્ટબીનમાંથી ત્યજી દીધેલ મૃત હાલતમાં ભૃણ મળી આવતા વટવા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પરમાર ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૩/૨૦૨૬**

એલીસબ્રીજઃ ઘાટલોડીયા ચાણકયપુરી સેકટર–૦૪ વ્રજધામ સોસાયટી પાસે વ્રજધામ ડેરી પાછળ રહેતા અને મજુરી કામ કરતા નિશાંત સ/ઓ દેવકિશન પ્રજાપતિ (ઉ.વ.૬૭) (મુળ વતન. સિધ્ધાર્થનગર ઈટાવા હોટલ ૬૦ ફુટ રોડ ડબરા તા–ડબરા જી–ગ્વાલિયર મધ્યપ્રદેશ) તા.૨૩/૧૦/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે "સુકુત સર્વમ" કચ્છી જૈન સમાજ ભવન નામની નવી બનતી સાઇટ ખાતે કલર કામ કરતા હતા દરમ્યાન ટાઇલ્સ ઉપર પાણી ઢોળાયેલ હોય જ્યાં વિજ વાયર ઉપર પગ આવતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલીસબ્રીજ એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.પરમાર ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૪/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ કરણકુમાર હમીરભાઈ મકવાણા (ઉ.વ.૨૪) (રહે.ગામ–સરવાલ તા–હારીજ જી–પાટણ) નાઓ તા.૨૨/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૧૦ વાગ્યા પહેલા ચાંદલોડિયા પંચવટી સોસાયટી નજીક બોટાદ રેલવે લાઈન ખાતે થાંભલા નંબર ૬/૩ સામે રેલવે ટ્રેકની બાજુમાંથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૫/૨૦૨૬**

સાબરમતીઃ ખુશીલ સ/ઓ જયંત રામી (ઉ.વ.૨૧) (રહે. સાઈન સ્વાતી ફલેટ ત્રાગડ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૦/૨૦૨૬ બપોરના ૦૪/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે બી–બ્લોક સાઈન સ્વાતી ફલેટના ચૌદમાં માળના ઘાબા ઉપરથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

સરખેજઃ હરેશભાઇ કાંતીભાઇ ઠાકોર (ઉ.વ.૫૦) (રહે. ઠાકોર વાસ આઇ.ટી.આઇ.રોડ ગાયત્રીનગર સોસાયટી પાસે સરખેજ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૬ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જલદ પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૦/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

નારોલઃ ઉર્વેશચન્દ્ર દિનેશકુમાર પટેલ (ઉ.વ.૩૨) (રહે. એમ્પાયર ઈપોક મોની હોટલના ખાંચામાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૬ બપોરના ૦૪/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી